ગુજરાત સમાચાર, પાના નં-૦૨, તા.૨૪.૦૯.૨૦૨૩



## મેટ્રો રેલ પ્રોજેક્ટના બીજા તબક્કામાં

# ચ-0 સર્કલ ઉપર સૌથી લાંબો ૪૭ મીટરનો કમ્પોઝીટ ગર્ડર ફિટ કરાયો

ગાંધીનગર,રવિવાર

ગાંધીનગર શહેરમાં હાલ મેટ્રો રેલના બીજા તબક્કા માટે કામગીરી પૂર ઝડપે ચાલી રહી છે ત્યારે શહેરના પ્રવેશદ્વાર એવા ચ-0 ખાતે કમ્પોઝિટ ગર્ડર ફીટ કરવામાં આવ્યો હતો. બીજા તબક્કામાં આ સૌથી મોટો ગર્ડર હોવાનો દાવો મેટ્રો રેલ દ્વારા કરવામાં આવ્યો છે. ૩૬ કલાકનું કામ ટ્રાફિકને અડચણ વગર ૨૪ કલાકમાં જ પૂરું કરી દેવામાં આવ્યું હોવાનું પણ જણાવાયું હતું.

## ૩૦૦ મેટ્રિક ટનનું ગર્ડર ફીટ કરવા બે ક્રેનની મદદ લેવાઈ ૩૬ કલાકનું કામ ૨૪ કલાકમાં જ પૂરું કરી દેવાયું

અમદાવાદ શહેરમાં તો હાલ નાગરિકો મેટ્રોની સેવા લઈ રહ્યા છે ત્યારે આગામી વર્ષ ૨૦૨૪ સુધીમાં ગાંધીનગર શહેરમાં પણ મેટ્રો રેલ દોડતી થાય તે માટે યુદ્ધના ધોરણે કામગીરી શરૂ કરવામાં આવી છે. મેટ્રો રેલના બીજા તબક્કામાં મોટેરાથી મહાત્મા મંદિર અને જેએનએલ્યુથી ગિફ્ટ સિટી સુધી થાંભલા ઉભા કરવાની કામગીરી હાલ ચાલી રહી છે ત્યારે આ બીજા તબક્કાની કામગીરી દરમિયાન શહેરના પ્રવેશ દ્વાર ચ-0 સર્કલની રોનકને બચાવી રાખવા માટે જ માર્ગ ઉપરથી મેટ્રો રેલ પસાર કરવાની છે. જે માટે સૌથી મોટા ૪૭ મીટરના કમ્પોઝિટ ગર્ડર નાખવાનું નક્કી કરવામાં આવ્યું હતું. જેની કામગીરી ગઈકાલે મેટ્રો દ્વારા હાથ ધરવામાં આવી હતી. ૩૦૦ મેટ્રિક ટ્રેનનું ગર્ડર ફીટ કરવા માટે બે ક્રેનની મદદ લેવામાં આવી હતી અને આ કામગીરી આમ તો ૩૬ કલાક ચાલે તેમ હતી પરંતુ ૨૪ કલાકમાં જ તેનું કામ પૂરું કરી દેવામાં આવ્યું હતું. ત્યારબાદ જ માર્ગ ઉપર ફરીથી વાહન વ્યવહાર શરૂ કરી દેવામાં આવ્યો છે.